

ખંડ-૫
અંક-૩
માર્ચ ૨૦૧૯

# કૃષિ ઉત્પાદન અને
# બજાર દર્શન
## કૃષિ ઉદય...

અધ્યક્ષ:
પ્રો. શિરીષ આર. કુલકર્ણી

માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક

મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કળમકર

સહસંપાદક :
ડૉ. એમ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ

સંપાદક :
ડૉ. હેમંત શર્મા

વિષય સંપાદક :
ડૉ. એસ. આર. ભૈયા
ડૉ. વિજય એસ. જરીવાલા
શ્રી મનિષ મકવાણા

પ્રચાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ

પ્રકાશક :
એગ્રો ઇકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત

E-mail: director.aerc@gmail.com
website: www.aercspu.ac.in

### સેન્દ્રિય ખોરાક, મધ માટેના નવા નિયમો અમલમાં આવે છે..........



સેન્દ્રિય ખોરાક, મધ જેવી કેટેગરીઓ માટેના ઘણાં નવા નિયમનો પહેલી જાન્યુઆરીથી અમલમાં આવ્યા છે, જેમાં ભારતની ખાદ્ય સલામતી અને માનક સત્તાધિકાર (FSSAI) એજન્સી નવા ધોરણોની પ્રક્રિયાને વેગ આપવા માટે કામ કરે છે, એક નિવેદનમાં FSSAI એ જણાવ્યુ હતુ કે સેન્દ્રિય ખોરાક સંબંધિત તમામ નિયમો મંગળવારથી અમલમાં આવશે. પ્રથમ વખત નવા નિયમો સેન્દ્રિય ખાદ્ય પેકિંગમાં પ્રમાણપત્રો અને લેબલિંગ માટેના ધોરણો રજૂ કરશે. તે જ સમયે FSSAI ગુણવત્તા અને શુદ્ધતાને લગતા મુદ્દાઓને સંબોધિત કરવાનો અને મધમાં વ્યાપક ભેળસેળને અંકુશમાં લેવા માટેના વ્યાપક ધોરણો મંગળવારથી અસરકારક બને છે. નવા વર્ષ સાથે અમલમાં આવતા ખાદ્ય નિયમનોમાં ફળો અને શાકભાજી માટેના માઇક્રોબાયોલોજીકલ ધોરણો ઉપરાંત તમામ કઠોળ, બાજરી, મકાઇનો લોટ અને સાગો માટે નવા ધોરણોનો સમાવેશ થાય છે. વર્ષ દરમિયાન FSSAI એ માનક માપદંડોની પ્રક્રિયાને વેગ આપ્યો હતો. ૨૦૧૮ માં ખાદ્ય ધોરણોના ૨૭ જેટલા નવા નિયમનો બહાર પાડવામાં આવ્યા હતા. નવા નિયમનો વિવિધ શ્રેણીઓ માટે સૂચિત કરવામાં આવ્યા છે જેમ કે, આલ્કોહોલિક પીણાં, નવા નિયમનો ઉપરાંત ફૂડ ફોર્ટિફિકેશન વિવિધ કેટેગરી માટે સૂચિત

કરવામાં આવ્યા છે જેમ કે, આલ્કોહોલિક પીણાં, જાહેરાત અને દાવા માટેના નિયમનો ઉપરાંત ફૂડ ફોર્ટિફિકેશન, જ્યારે મદ્યપાન કરનાર પીણાં માટેના ધોરણો પહેલી એપ્રિલથી અમલમાં આવશે. જ્યારે ફૂડ ફોર્ટિફિકેશન માટેના ધોરણો પહેલી જુલાઇથી અમલમાં આવશે. જાહેરાત અને દાવા પરના નિયમનો, મિશ્ર વનસ્પતિ ખાદ્ય તેલના પેકેજિંગ અને લેબલિંગની આવશ્યકતાઓ માટેના નવા નિયમનો પહેલી જુલાઇથી અમલમાં આવશે તેવુ એક નિવેદનમાં જણાવાયુ છે.

## નાણાંકીય વર્ષ ૨૦૧૯માં કપાસની નિકાસ ઘટીને ૫૩ લાખ ગાંસડી થઇ શકે છે...........



ડોલરની સરખામણીમાં રુપિયાના મૂલ્યમાં વધઘટની સાથે ભારતમાં કપાસના નીચા ઉત્પાદનને કારણે કપાસની નિકાસમાં ઘટાડો થવાની સંભાવના છે. ઉદ્યોગ નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર કપાસની નિકાસમાં ૨૦ થી ૨૩ ટકાનો ઘટાડો થવાની ધારણા છે અને એવી પણ શક્યતા રહેલી છે કે ઓક્ટોમ્બરથી શરૂ થતી કપાસની ૨૦૧૮-૧૯ ની સિઝન દરમિયાન કપાસની નિકાસ ૫૧ થી ૫૩ લાખ ગાંસડીની આસપાસ રહેવાની સંભાવના છે. કપાસની નિકાસમાં સંભવિત ઘટાડાનો ભય કોઇ કારણ નથી. અત્યાર સુધીમાં ફક્ત ૧૩ થી ૧૪ લાખ ગાંસડી (દરેક ગાંસડી ૧૭૦ કિલોની) ની નિકાસ કરવામાં આવી છે. હાલના વલણને ધ્યાનમાં રાખીને આ વર્ષે કપાસની નિકાસ ઘટી શકે છે અને તે ગયા વર્ષના નિકાસના આંકડાને પાર કરી શકે તેમ નથી. અમદાવાદ સ્થિત એક કપાસના નિકાસકારે જણાવ્યુ હતુ કે ભારતે ૨૦૧૭-૧૮ માં ૬૯ લાખ કપાસ ગાંસડીની નિકાસ કરી હતી. દેશની કપાસને લગતાં વેપારની સુપ્રીમ સંસ્થા કોટન એસોસિએશન ઓફ ઇન્ડિયા (CAI), ના નવેમ્બરના તેના માસિક અંદાજ મુજબ દેશમાંથી કપાસની નિકાસ ૫૩ લાખ ગાંસડીની કરવામાં આવી છે. બજાર નિષ્ણાંતોનું કહેવું છે કે દેશની કુલ કપાસ નિકાસમાંથી ૪૦ ટકા જેટલી નિકાસ ગુજરાતમાંથી કરવામાં આવી છે.

## કેન્દ્ર સરકાર ખાતર નિકાસ માટેના ધોરણો હળવા બનાવશે..................



કેન્દ્ર સરકાર દ્વારા યુરિયા, પોટાશ અને ફોસ્ફરસ સહિતના ખાતરોના નિકાસ માટેના ધોરણો હળવા બનાવવામાં આવ્યા છે. વિદેશ વેપારના મહાનિર્દેશકે એક જાહેરનામામાં જણાવ્યુ હતુ કે ખાતરની નિકાસ નીતિ સુધારી દેવામાં આવી છે અને પ્રતિબંધિત કેટેગરી હેઠળના ખાતરોનો મફત કેટેગરીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જો કે તેમણે જણાવ્યુ હતુ કે, આ નિકાસ ખાતર વિભાગમાંથી નિકાસકારો/ઉત્પાદકો દ્વારા પૂર્વે મેળવવામાં આવેલ મંજૂરી/ના વાંધા પ્રમાણપત્રને આધિન રહેશે. ભારત ફોસ્ફરસ, પોટાશ અને યુરિયા ખાતરનો ચોખ્ખો આયાતકાર દેશ છે. ભારતે ૨૦૧૭-૧૮ના નાણાંકીય વર્ષમાં ૪૨.૧૭ લાખ ટન ડીએપી, ૪.૯૯ લાખ ટન એનપીકે અને ૪૭.૩૬ લાખ ટન એમઓપી ખાતરની આયાત કરી હતી.

## કૃષિ મંત્રાલયે ઈ–નામ થકી આંતરરાજ્ય ખેત ઉત્પાદન બજાર સમિતિ શરુ કરી................



કૃષિ મંત્રાલયે ખેડૂતોની આવક વધારવા અને તેમની ખેતપેદાશોના વેપારને વેગ આપવા માટે ઇલેક્ટ્રોનિક રાષ્ટ્રીય કૃષિ બજાર દ્વારા આંતરરાજ્ય ખેત ઉત્પાદન બજાર સમિતિ થકી વેપાર શરૂ કર્યો છે. સૌપ્રથમ ઉત્તરપ્રદેશના બરેલીમાં ઇલેક્ટ્રોનિક-ખેત ઉત્પાદન બજાર સમિતિના વેપારીઓ અને ઉત્તરાખંડના હલ્દવાનીના ઇલેક્ટ્રોનિક-ખેત ઉત્પાદન બજાર સમિતિના ખેડૂતો વચ્ચે ટામેટાંમાં આંતરરાજ્ય વેપાર કરવામાં આવ્યો છે. ઉત્તરાખંડ અને ઉત્તરપ્રદેશની ઇલેક્ટ્રોનિક-ખેત ઉત્પાદન બજાર સમિતિઓ વચ્ચે બટાકા, રીંગણ અને

*Acknowledged the information used/taken from the public domain*

કોબીજમાં આંતરરાજ્ય વેપાર શરૂ કરવામાં આવ્યો છે. આ તમામ કિસ્સાઓમાં ઇ-પેમેન્ટ ઇ-નામ પોર્ટલ દ્વારા કરવામાં આવે છે. આનાથી ખેડૂતોને ઉંચા ભાવવાળા બજારની પ્રાપ્તિ થશે, વધારે ખરીદદારો અને વેપારીઓ વચ્ચે હરિફાઇને કારણે ખેત પેદાશોના સારા ભાવ ઉપજશે. ખેડૂતો તેમના મોબાઇલ ફોન પરથી ગમે ત્યાંથી સરળતાથી ઇ-નામ વિશેની માહિતી સરળતાથી મેળવી શકશે. આ ઓનલાઇન વેપારનો હેતુ વ્યવહાર ખર્ચ ઘટાડવો, માહિતી ઉપલબ્ધતા કરાવવી અને ખેડૂતોને બજાર વિશે સંપૂર્ણ માહિતગાર કરી તેમનો બજારમાં પ્રવેશ સરળ બનાવવાનો છે. આ અગાઉ વેપાર માત્ર બે બજાર સમિતિઓની વચ્ચે અથવા એક જ રાજ્યની બે બજાર સમિતિઓ વચ્ચે જ થતો હતો.

**ટેકાના ભાવો ખેડૂતોના બેંક ખાતામાં સીધા જ જમા કરાવવામાં આવશે............**



કેન્દ્ર સરકાર, સરકાર દ્વારા ટેકાના ભાવે ખેતપેદાશોની ખરીદીની પ્રક્રિયામાં જે ખેડૂતો તેમની ઉપજ વેચી શકતા નથી તેવા ખેડૂતો માટે ટેકાના ભાવોના લાભ સીધા જ તેમના ખાતામાં જમા કરવા અંગેના વિકલ્પ પર વિચારણા કરી રહી છે. આ વિકલ્પ ખેડૂતોને પાક કાપણી બાદ નિશ્ચિત સમયમાં જ તેનું વેચાણ કરવાને બદલે સમગ્ર વર્ષ દરમિયાન ગમે ત્યારે ટેકાના ભાવે ખેડૂત તેનું વેચાણ કરી શકવાની છૂટ આપશે. કેન્દ્ર સરકાર ટૂંકા ગાળાના ધિરાણની સમયસર ચૂકવણી પર શૂન્ય વ્યાજના દરે ખેડૂતોને ખેત ધિરાણ પુરું પાડશે. ૨૦૧૮-૧૯ માં વ્યાજ માફી હેઠળ રૂ.૧૫૦ અબજ ડોલરની રકમ ખર્ચ કરવામાં આવી છે. આ વ્યાજ સબસિડીની રકમ જો માફ કરી દેવામાં આવી હોત તો તે રકમ રૂ.૨૮૦ બિલિયન ડોલર જેટલી થવા પામત. પ્રધાનમંત્રી બીમા યોજના હેઠળ ખાદ્ય પાકો પર નહિવત પ્રીમિયમ દર અને બાગાયતી પાકો પર પ્રીમિયમ દર ઘટાડીને પણ ખેડૂતો પરના બોજાને ઘટાડી શકાય છે. આ બધા વિકલ્પો અત્યારે ચર્ચાના તબક્કામાં છે અને તેના પર ટૂંક સમયમાં જ નિર્ણય આવવાની અપેક્ષા છે.

**વૈશ્વિક કપાસના ભાવમાં ઘટાડો નોંધાયો......................**



આંતરરાષ્ટ્રીય કપાસ સલાહકારી સમિતિએ આગાહી કરી છે કે વર્ષ ૨૦૧૮-૧૯ માં કપાસની સરેરાશ વૈશ્વિક કિંમત ૮૬ સેન્ટ પ્રતિ પાઉન્ડ હશે જે તેના અગાઉના વપરાશના અંદાજ કરતા ૮૯ સેન્ટ પ્રતિ પાઉન્ડ જેટલો ઘટાડો થયો છે. વર્તમાન કોટલુક ઇન્ડેક્ષ એ પાઉન્ડ દીઠ સરેરાશ આશરે ૮૦ સેન્ટની આસપાસ છે. આંતરાષ્ટ્રીય કપાસ સલાહકાર સમિતિના સચિવ જણાવે છે કે ડિસેમ્બર, ૨૦૧૮ માં ૨૦૧૮-૧૯ માટે કપાસના ભાવની આગાહી ૮૯ સેન્ટથી ઘટાડીને ૮૬.૪૫ સેન્ટ પ્રતિ પાઉન્ડ કરવામાં આવી છે તેમ કપાસ સલાહકારની સુપ્રીમ સંસ્થાએ તેના નિવેદનમાં જણાવ્યુ હતુ. આગાહીની કિંમત નીચી ૭૫.૬૦ સેન્ટથી ૧૦૦.૨૧ સેન્ટની ઉંચાઇએ છે. જેની મધ્યકિંમત ૮૬.૪૫ સેન્ટ છે. આ અનુમાન વૈશ્વિક કપાસના વપરાશમાં ૨૬.૭ મિલિયન ટન જેટલા તીવ્ર ઘટાડાની ધારણા છે જે પાછલા વર્ષના સમાન સમયગાળામાં ૨૬.૮૧ મિલિયન ટન જેટલો વપરાશ હતો. અંતમાં, વૈશ્વિક કપાસનો પુરવઠો ૧૮.૭૬ મિલિયન ટનમાં થોડો ઘટાડો થતાં તે ૧૮.૨ મિલિયન ટન જેટલો થવા પામ્યો છે.

**પી-એમ કિસાન યોજના -અત્યાર સુધી ૨ કરોડ થી વધુ ખેડૂતોને ફાયદો થયો છે.................**



તમામ નાના અને સીમાંત ખેડૂતોના પરિવારોને આવક સહાય આપીને ખેડૂતોની આવકમાં વધારો કરવા અને કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ તેમજ સ્થાનિક જરુરિયાત સંબંધિત આકસ્મિક ખર્ચાઓને પહોંચી વળવા માટે કેન્દ્ર સરકારે ૦૧/૦૨/૨૦૧૯ ના રોજ વડાપ્રધાન કિસાન સમ્માન નિધિ (પીએમ-કિસાન) યોજના શરૂ કરી છે. આ યોજનાનો હેતુ ૨ હેક્ટર સુધીની જમીન ધરાવતા ખેડૂતોના પરિવારો માટે દર વર્ષે કેટલીક મર્યાદાઓને આધીન રહીને હેક્ટર દીઠ રૂ.૬૦૦૦/- ની રોકડ મદદ કરવાનો છે.

આ હેક્ટર દીઠ રૂ.૬૦૦૦/- ની રકમની એક વર્ષમાં રૂ.૨૦૦૦/-ના એવા ત્રણ માસિક હપ્તાઓમાં ચૂકવણી કરવામાં આવશે. આ યોજના ૦૧/૧૨/૨૦૧૮ થી અમલમાં મૂકવામાં આવી છે. કેન્દ્ર સરકાર ૩૧/૦૩/૨૦૧૯ ના રોજ પૂરા થતા ૪ મહિનાના સમયગાળા માટે સીધા લાભની હસ્તાંતરણ યોજના હેઠળ પાત્રતા ધરાવતા ખેડૂતોના બેંક ખાતામાં જમા કરવામાં આવશે. સમગ્ર દેશમાં ૧૨.૫ કરોડથી વધુ ખેડૂતોને આ યોજનાથી સીધો જ લાભ થશે. આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા લાભાર્થીઓની ઓળખની જવાબદારી જે તે રાજ્ય સરકારની રહેશે.

આ યોજનાની શરુઆત ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ ગોરખપુર, ઉત્તર પ્રદેશ ખાતે માનનીય વડા પ્રધાન દ્વારા ઔપચારિક રીતે રાષ્ટ્રીય સ્તર પર શરૂ કરવામાં આવી હતી. આ યોજનાના પહેલાં ચાર મહિનાનો પ્રથમ હપ્તો રૂ.૨૦૦૦/- ના નાણાંકીય લાભ સ્વરૂપે ૧.૦૧ કરોડ ખેડૂતોના ખાતામાં જમા કરવા માટે અંદાજીત રૂ. ૨૦૨૧ કરોડની ફાળવણી કરી દેવામાં આવી છે.

આ યોજના અસરકારક રીતે લાગુ કરવામાં આવી રહી છે અને તે માટે પ્રથમ હપ્તાની ચૂકવણી પણ ઝડપથી કરી દેવામાં આવી છે. આ યોજનાથી અત્યાર સુધીમાં ૨ કરોડથી પણ વધુ નાના અને સીમાંત ખેડૂતોને લાભ મળી ચૂક્યો છે. રાજ્યવાર દરેક લાભાર્થીઓના ખાતામાં પ્રથમ હપ્તાની ચૂકવણી કરી દેવામાં આવી છે. આ એક સતત મળતા લાભની યોજના છે અને વિભાગનો મૂળભૂત ઉદ્દેશ બધા જ યોગ્ય નાના અને સીમાંત ખેડૂતોના પરિવારોને લાભ પહોંચાડવાનો છે.




Book Post

To,

From:
**Agro-Economic Research Centre**
*For the states of Gujarat and Rajasthan*
(Ministry of Agriculture & Farmers Welfare, Govt. of India)
H.M. Patel Institute of Rural Development,
Opp. Nanadalaya Temple, Post Box No. 24,
**Sardar Patel University**
Vallabh Vidyanagar 388120, Anand, Gujarat
Ph.No. +91-2692-230106, 230799, Fax- +91-2692-233106
E-mail : director.aerc@gmail.com
Website: www.aercspu.ac.in

DOI : 30.04.2019

*Acknowledged the information used/taken from the public domain*

Uni Press